| | | | |
|---|---|---|---|
| GJBN150005852026 | | આંક | |
| | | કેસ દાખલ તા. | ૧૨/૦૮/૨૦૨૬ |
| | | કેસ રજી.તા. | ૧૨/૦૮/૨૦૨૬ |
| | | કેસ ફેસલ તા. | ૧૪/૦૮/૨૦૨૬ |
| | सत्यमेव जयते | સમય ગાળો : | વર્ષ–માસ–દિવસ |
| | | | ૦૦ – ૦૦ –૦૨ |

**<u>મહુવાના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટ, મહુવા, જી.ભાવનગર</u>**

**<u>ફોજદારી પરચુરણ અરજી નં.–૧૮૪/૨૦૨૬</u>**

વિપુલભાઈ ઉર્ફે દિપો ગીરધરભાઈ વાળા,
ઉ.વ.આ.૩૨, ધંધો–વેપાર,
રહે.કોંજળી ગામ, હનુમાન દાદાની દેરી પાસે,
તા.મહુવા, જી.ભાવનગર
(હાલઃ જીલ્લા જેલ, ભાવનગર) **.....અરજદાર**

**વિરૂધ્ધ**

શ્રી સરકાર **.....સામાવાળા**

**<u>અરજદાર પક્ષ તરફે : વિ.વ.શ્રી એમ.સી.બધેકા.</u>**
**<u>સામાવાળા પક્ષ તરફે : વિ.એ.પી.પી.શ્રી કે.એચ.કેસરી.</u>**

**<u>:: ચુકાદો ::</u>**

(૧) સદર કામમા અરજદાર/આરોપીએ મહુવા ગ્રામ્ય પો.સ્ટે. પાર્ટ–એ ગુ. ર. નં.–૧૧૧૯૮૦૭૦૨૫૦૬૦૩/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૩(૧), ૩૦૯(૬), ૩૩૨(બી), ૨૩૮

મુજબના ગુનાના કામે બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ જામીન મેળવવા હાલની અરજી કરેલ છે.

(૨) હાલની અરજી રજુ થતા, સામાવાળા સરકારશ્રીને નોટીસ કાઢવામાં આવેલી અને તે સંદર્ભે ત.ક.અમલદારશ્રી તરફથી અરજીના વિરોધમાં સોગંધનામુ રજુ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી તરફે તેઓના વિ.વ.શ્રી તથા સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

(૩) ફરીયાદપક્ષની ટુંકમાં હકીકત મુજબ ફરીયાદીના દાદી(મોટી બા) ઉજીબેન તા.૩૦/૧૦/૨૦૨૫ ના રોજ રાત્રીના સમયે તેઓના રહેણાંકી મકાને ઓસરીમાં સુતા હતા તે દરમ્યાન અરજદાર/આરોપી તા.૩૧/૧૦/૨૦૨૫ ના રાત્રીના આશરે દોઢેક વાગ્યાના સમયે લુંટ કરવાના ઈરાદે ફરીયાદીના દાદી(મોટી બા) ઉજીબેનના રહેણાંકી મકાનમાં ગુન્હો કરવાના ઈરાદે અપ-પ્રવેશ કરી, તેમજ મરણજનાર ઉજીબેન તેના ઘરે ઓસરીમાં ખાટલામાં સુતા હતા તે સમયે અરજદાર/આરોપીએ મરણજનાર ઉજીબેનનું મોઢુ તથા ગળુ દબાવી, ઉજીબેનનું મોત નિપજાવી, તેમજ મરણજનાર ઉજીબેનના બંને કાનમાં પહેરેલ સોનાની કડી નંગ-૬ તથા બંને કાનમાં પહેરેલ સોનાની ટોટી નં.-૨ તથા સોનાની હાથની આંગળીઓમાં પહેરવાની વીટી નંગ-૨ ના સોનાના દાગીના અરજદાર/આરોપીએ બળજબરી પુર્વક કાઢી/ઝુંટવી, મરણજનારને જમણા કાનમાં ઈજા પહોચાડી, સોનાના દાગીનાની લુંટ કરી, તેમજ અરજદાર/આરોપીએ તે દાગીના મહુવા સોની બજારમાં સોનીનું કામ કરનાર સાહેદ જતીનભાઈ અશોકભાઈ ધકાણ તથા સાહેદ સમીરભાઈ રમેશભાઈ સતીકુવર તથા સાહેદ કલ્પેશભાઈ પ્રવિણભાઈ લંગાળીયાને ત્યાં વેચવા જતા તે સાહેદોએ બીલ વગરના સોનાના દાગીના ન લેતા અરજદાર/આરોપીએ તે દાગીના તેઓના ગામની નજીક આવેલ

રૂપાવો નદીના વહેતા પાણીમાં નાખી દઈ, પુરાવાનો નાશ કરી ગુનો કરેલ હોય તેવો આક્ષેપ અરજદાર/આરોપી સામે મુકવામાં આવેલ છે.

(૪) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ તેઓની દલીલોમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામેના ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને ચાર્જશીટ ફાઈલ થઈ ગયેલ છે. અરજદાર/આરોપી વેપારી વર્ગના છે અને કોંજળી, તા.મહુવા મુકામે તેઓના કુટુંબ પરીવાર સાથે રહે છે અને વેપાર કરી તેઓના પરીવારનું ભરણપોષણ કરે છે. અરજદાર/આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી. તેમજ આ કામે અગત્યના સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ છે. અરજદાર/આરોપી સામે કોઈ સાંયોગીક પુરાવો મળી આવેલ નથી. ફરીયાદીએ બનાવ નજરે જોયેલ નથી, તેમજ સાહેદોએ પણ અરજદાર/આરોપીનું નામ જણાવેલ નથી. અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવામાં આવે તો તેઓ નાશી ભાગી જાય તેમ નથી. તેમજ નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા તૈયાર અને ખુશી છે. આમ, અરજદાર/આરોપીને જામીન પર મુક્ત કરવા રજુઆત કરેલ છે.

(૫) જ્યારે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી કે.એચ.કેસરીની દલીલો સાંભળી. તેઓએ તેમની દલીલોમાં મુખ્યત્વે રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી ક્રુર માનસીકતા ધરાવતા હોય અને એકલા રહેતા વયોવૃધ્ધ ઉપર લુંટ કરવાના ઈરાદે હુમલો કરી મોત નિપજાવી ગંભીર ગુનો કરેલ છે. અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો આવા ગંભીર ગુનાઓ બનવાની શક્યતા હોય, અરજદાર/આરોપી તથા ફરીયાદીનું મકાન બાજુ બાજુની શેરીમાં હોય ફરીયાદી તથા અરજદાર/આરોપી બંને એક જ સમાજના હોય, અરજદાર/આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવશે તો સુલેહ શાંતીનો ભંગ થવાની તેમજ ફરી ગુનો બનવાની શક્યતા હોય,

અરજદાર/આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવે તો નાશી ભાગી જાય તેવી શક્યતા રહેલી હોય, અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૬) સદર કામમાં અરજદાર/આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૩(૧), ૩૦૯(૬), ૩૩૨(બી), ૨૩૮ મુજબના ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે. અરજદાર/આરોપી સામેના સેશન્સ કેસ નં.–૦૪/૨૦૨૬ ની ટ્રાયલ પેન્ડીંગ છે. અરજદાર/આરોપીના વિ.વ.શ્રી દ્વારા તેઓની દલીલોમાં પુરાવાની ચર્ચા કરેલ છે. પરંતુ સેશન્સ કેસનું રેકર્ડ વંચાણે લેતા મરણજનારની પી.એમ. નોટમાં મરણજનારને કાન અને ગળાના ભાગે ઈજા થયેલ હોવાનું અને ગળા પરના દબાણના કારણે મરણજનારનું મૃત્યુ થયેલ હોવાનો અભિપ્રાય આવેલ હોય અને અરજદાર/આરોપીએ લુંટના દાગીના જે સોની બજારમાં સોની કામ કરતા સાહેદને ત્યાં વેંચવા ગયેલ છે તે સાહેદોના નિવેદનો વંચાણે લેતા તથા તે સોની કામ કરતા સાહેદે તેઓની દુકાનના સી.સી.ટી.વી. ફુટેજની પેનડ્રાઈવ રજુ કરેલ અને તે પેનડ્રાઈવને એફ.એસ.એલ.માં પરીક્ષણ અર્થે મોકલેલ અને તે પરીક્ષણ અહેવાલમાં પણ સી.સી.ટી.વી. ફુટેજમાં અરજદાર/આરોપીની હાજરી મળી આવેલ હોવાનો અભિપ્રાય આવેલ હોય, આ તમામ હકીકત ધ્યાને લેતા અરજદાર/આરોપીની હાલના ગુનામાં ડાયરેક્ટ સંડોવણી હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાય આવતુ હોય, તેમજ હાલના ગુનાની ટ્રાયલ પેન્ડીંગ હોય તેવા સંજોગોમાં પુરાવાની વિશેષ ચર્ચા કરવી ન્યાયોચીત જણાય આવતી ન હોય, આ તમામ સંજોગોમાં અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવા ન્યાયોચીત જણાય આવતુ ન હોય, અરજદાર/આરોપીની હાલની અરજી સંદર્ભે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

૧. અરજદાર/આરોપી વિપુલભાઈ ઉર્ફે દિપો ગીરધરભાઈ વાળાની હાલની રેગ્યુલર જામીન અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

આજરોજ તા : ૧૪'મી, માહે : ઓગષ્ટ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

મહુવા
તા.૧૪/૦૮/૨૦૨૬

**(અતુલકુમાર એસ. પાટીલ)**
**ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,**
**ભાવનગર એટ મહુવા.**
**જીજે ૦૦૮૩૬**

HRC